dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 139 | AD - 2026, Fagan Sud - 08 | Tuesday, Dt. 24-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**નકલી મતદારો અને ગેરકાયદેસર ઘૂસણખોરો સોનાર બંગાળ પર કબજો કરી રહ્યા છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય : મોદી**

# પીએમ મોદીનો પ.બંગાળના લોકોને પત્ર : ટૂંક સમયમાં 'સોનાર બંગાળ'નું નિર્માણ થશે

નવી દિલ્હી, તા.૨૩

પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીઓનો માહોલ ગરમાયો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના નાગરિકોને ઉદ્દેશીને એક વિશેષ અને ભાવુક પત્ર લખ્યો છે. બંગાળી અને હિન્દી એમ બંને ભાષામાં લખાયેલો આ પત્ર ભાજપના કાર્યકર્તાઓ દ્વારા 'ઘરે-ઘરે પ્રચાર' અભિયાન હેઠળ રાજ્યના દરેક ખૂણે પહોંચાડવામાં આવી રહ્યો છે. આ પત્રમાં વડાપ્રધાને બંગાળની વર્તમાન સ્થિતિ પ્રત્યે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને 'વિકસિત બંગાળ' બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે.

વડાપ્રધાને પત્રની શરૂઆત "જય મા કાલી" ના ઉદઘોષ સાથે કરી છે. તેમણે લખ્યું છે કે, "પશ્ચિમ બંગાળના મારા પ્રિય લોકો, આવનારા થોડા મહિનાઓમાં રાજ્યનું ભાગ્ય નક્કી થશે. જે રીતે સોનેરી બંગાળનું સ્વપ્ન જોનારા દરેક યુવાન, વૃદ્ધ અને મહિલા આજે પીડામાં છે, તે જોઈને મારું હૃદય પણ દ્રવી ઉઠ્યું છે. મેં મારા હૃદયના ઊંડાણમાંથી પશ્ચિમ બંગાળને ફરીથી સમૃદ્ધ અને વિકસિત બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે."



પીએમ મોદીએ છેલ્લા ૧૧ વર્ષમાં તેમની સરકારે કરેલા કાર્યોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, રાજ્ય સરકારના અસહકાર છતાં કેન્દ્રએ બંગાળના ગરીબો માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. પત્રમાં આંકડાકીય માહિતી આપતા જણાવાયું છે કેઃ જન ધન યોજના લગભગ ૫૦ મિલિયન લોકો બેંકિંગ સિસ્ટમ સાથે જોડાયા. સ્વચ્છ ભારત ૮.૫ મિલિયન શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું. મુદ્રા યોજના નાના ઉદ્યોગસાહસિકોને ૨.૮૨ લાખ કરોડની લોન સહાય આપવામાં આવી. ઉજ્જવલા યોજના ૧૦ મિલિયનથી વધુ પરિવારોને ધુમાડા મુક્ત રસોઈ ગેસ પૂરો પાડ્યો. કિસાન સન્માન નિધિ ૫.૨ મિલિયનથી વધુ ખેડૂતોને સીધી આર્થિક સહાય પહોંચાડવામાં આવી.

વડાપ્રધાને પશ્ચિમ બંગાળની વર્તમાન જર્જરિત સ્થિતિ માટે છેલ્લા છ દાયકાના કુશાસન, તુષ્ટિકરણ અને ભ્રષ્ટાચારને જવાબદાર ગણાવ્યા છે. તેમણે ખેદ વ્યક્ત કર્યો કે જે રાજ્ય આઝાદી સમયે દેશના ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર હતું, તે આજે રોજગારના અભાવે યુવાનોના સ્થળાંતરનું કેન્દ્ર બની ગયું છે.


પત્રમાં ગંભીર આક્ષેપ કરતા લખ્યું છે કે, "સ્વામી વિવેકાનંદ, રવિન્દ્રનાથ ટાગોર અને નેતાજી સુભાષચંદ્ર બોઝની આ પવિત્ર ભૂમિ આજે હિંસા, અરાજકતા અને સાંકડી વોટબેંકની રાજનીતિમાં ફસાઈ ગઈ છે. નકલી મતદારો અને ગેરકાયદેસર ઘૂસણખોરો સોનાર બંગાળ પર કબજો કરી રહ્યા છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે ચિંતાનો વિષય છે."

વડાપ્રધાને અંતમાં બંગાળના લોકોને વિકાસની આ યાત્રામાં જોડાવા અપીલ કરી છે. તેમણે શ્યામા પ્રસાદ મુખર્જીના સપનાના બંગાળને પુનર્જીવિત કરવા અને ૨૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં 'વિકસિત પશ્ચિમ બંગાળ'ના લક્ષ્યને હાંસલ કરવા માટે સાથે મળીને કામ કરવા આહ્વાન કર્યું છે. પીજજજએમ મોદીએ શરણાર્થીઓને CAA દ્વારા નાગરિકતા આપવા અને બંગાળની ખોવાયેલી અસ્મિતા પાછી લાવવાની ખાતરી આપી છે.

# દિલ્હીમાં હાઈ એલર્ટ: વિધાનસભા અને લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ન્યૂ દિલ્હી,તા.૨૩

૨૩ ફેબ્રુઆરીના રોજ દેશની રાજધાની દિલ્હીમાં સુરક્ષા એજન્સીઓ ત્યારે દોડતી થઈ ગઈ જ્યારે દિલ્હી વિધાનસભા અને ઐતિહાસિક લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક ઈમેઈલ મળ્યો. આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પડકાર ઉભો કર્યો છે.મળતી માહિતી મુજબ, આ ઈમેઈલ કથિત રીતે એક ખાલિસ્તાની જૂથના નામે મોકલવામાં આવ્યો હતો. ઈમેઈલમાં દિલ્હીના મહત્વના



સરકારી અને ઐતિહાસિક સ્થળોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી હતી. આ પ્રકારની ગંભીર ધમકી મળતા જ દિલ્હી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી. ધમકી મળતાની સાથે જ દિલ્હી વિધાનસભા સંકુલમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS), ડોગ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમોએ વિધાનસભા અને તેની આસપાસના વિસ્તારોમાં ખૂણેખૂણાની તપાસ કરી હતી. જોકે, કલાકો સુધી ચાલેલી આ તપાસના અંતે કોઈ પણ શંકાસ્પદ કે હાનિકારક વસ્તુ મળી આવી નથી. દિલ્હી પોલીસે સત્તાવાર રીતે જણાવ્યું છે કે સર્ચ ઓપરેશનમાં કંઈ જ વાંધાજનક મળ્યું નથી, છતાં સુરક્ષામાં કોઈ કચાસ રાખવામાં આવશે નહીં. હાલમાંઃલાલ કિલ્લા અને વિધાનસભાની આસપાસ સુરક્ષા મજબૂત કરવામાં આવી છે.

# અફઘાનિસ્તાનમાં રમઝાન માસમાં જ પાકિસ્તાને કરેલા હુમલાની ભારતે કડક શબ્દોમાં નિંદા કરી

નવીદિલ્હી,તા.૨૩

તાજેતરમાં પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા, જેમાં તેમણે ૭૦ આતંકવાદીઓને માર્યા હોવાનો દાવો કર્યો છે. જોકે, અફઘાનિસ્તાને આ દાવાને નકારી કાઢતા જણાવ્યું કે આ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા છે.

ભારતે આ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે. ભારતીય



વિદેશ મંત્રાલયે જણાવ્યું કે રમઝાનના પવિત્ર મહિનામાં કરવામાં આવેલો આ હુમલો પાકિસ્તાનની પોતાની આંતરિક નિષ્ફળતાઓ છુપાવવાનો એક પ્રયાસ છે. ભારત અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સમર્થન કરે છે.

અફઘાન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, નંગરહાર અને પક્તિકા પ્રાંતમાં રહેણાંક વિસ્તારો અને મદરેસાઓ પર બોમ્બમારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ, બલૂચિસ્તાને પણ અફઘાનિસ્તાન પ્રત્યે એકતા દર્શાવી છે અને પાકિસ્તાન દ્વારા ચલાવવામાં આવતા પ્રોપેગેન્ડાથી સાવધ રહેવા અપીલ કરી છે. બલૂચિસ્તાને સ્પષ્ટ કર્યું કે પશ્તો બોલીને અફઘાન સમાજમાં ભળવાનો પ્રયત્ન કરતા લોકો વાસ્તવમાં પાકિસ્તાની એજન્ટો છે.

**અમેરિકી હુમલાના ખતરા વચ્ચે સાવચેતી રાખવા ભારત સરકારની અપીલ**


# ઈરાનમાં તણાવ વચ્ચે ભારતીયો માટે એડવાઈઝરી જાહેર

તહેરાન,તા.૨૩

ઈરાન પર સંભવિત અમેરિકાના હુમલાના ખતરા વચ્ચે ભારત સરકારે ત્યાં વસતા પોતાના નાગરિકો માટે મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરી છે. સરકાર દ્વારા તમામ ભારતીયોને સલાહ આપવામાં આવી છે કે તેઓ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોમર્શિયલ ફ્લાઈટ



સહિત ઉપલબ્ધ પરિવહનના સાધનોનો ઉપયોગ કરીને શક્ય તેટલું વહેલી તકે ઈરાન છોડે. તહેરાનમાં સ્થિત ભારતીય દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે આ નવી સૂચના ૫ જાન્યુઆરી અને ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલ પૂર્વ એડવાઈઝરી સાથે સંબંધિત છે. દૂતાવાસે ખાસ કરીને વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, વેપારીઓ અને પ્રવાસીઓને તાત્કાલિક પગલાં લેવા અનુરોધ કર્યો છે. દૂતાવાસે તમામ ભારતીય નાગરિકો તથા PIOને અપીલ કરી છે કે તેઓ વિરોધ પ્રદર્શન, રેલીઓ અને ભીડવાળા વિસ્તારોમાંથી દૂર રહે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક સમાચાર માધ્યમો પર સતત નજર રાખવાની અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂકાયો છે. આ ઉપરાંત, નાગરિકોને પોતાના મુસાફરી અને ઓળખ સંબંધિત દસ્તાવેજો - જેમ કે પાસપોર્ટ, વિઝા અને અન્ય ઓળખપત્ર હંમેશા પોતાની પાસે જ રાખવાની સલાહ આપવામાં આવી છે. કોઈપણ ઈમિગ્રેશન અથવા પાસપોર્ટ સંબંધિત મુશ્કેલી ઊભી થાય તો તરત જ તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા જણાવાયું છે. દૂતાવાસે વધુમાં જણાવ્યું છે કે હાલની પરિસ્થિતિ અનિશ્ચિત હોવાથી દરેક ભારતીયે યોગ્ય સાવચેતી રાખવી અત્યંત આવશ્યક છે. અનાવશ્યક બહાર જવાનું ટાળવું, ભીડભાડવાળા વિસ્તારોમાં ન જવું અને સુરક્ષાને પ્રથમ પ્રાથમિકતા આપવી જરૂરી છે.ભારત સરકાર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને જરૂર પડ્યે વધુ માર્ગદર્શન જાહેર કરશે. ઈરાનમાં રહેતા ભારતીયોએ શાંતિ અને સાવચેતી જાળવી રાખીને સત્તાવાર સૂચનાઓનું કડક પાલન કરવું જોઈએ.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૪-૦૨-૨૦૨૬

# અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ યોજાયો

અમરેલી,તા.૨૩ક

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા, અમરેલી ખાતે સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ) ના ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે



૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક, રમત-ગમત, સાંસ્કૃતિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સિદ્ધિઓ તેમજ સંસ્થાના વિકાસમાં યોગદાન બદલ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, મુખ્ય વક્તા કેવલભાઈ મહેતા, વૈભવભાઈ ભુવા, સી.પી. ગોંડલીયા તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રિન્સિપાલ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદના ભટવદર ગામમાં ખેડૂતો પર મધમાખીઓનો હુમલોઃ ૧૦ લોકો ઈજાગ્રસ્ત

જાફરાબાદ,તા.૨૩

જાફરાબાદ તાલુકાના ભટવદર ગામની સીમમાં ખેતરમાં કામ કરી રહેલા ખેડૂત પર અચાનક ઝેરી મધમાખીઓએ હુમલો કરતા અરેરાટી વ્યાપી ગઈ હતી. ખેતરમાં કામ કરી રહેલા એક વ્યક્તિ પર મધમાખીઓ તૂટી પડતા તેને બચાવવા માટે આસપાસના અન્ય લોકો દોડી આવ્યા હતા. જોકે, મધમાખીઓએ બચાવવા આવેલા લોકો



પર પણ હુમલો કર્યો હતો, જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ આકસ્મિક હુમલામાં આશરે ૧૦ જેટલા લોકો મધમાખીના ડંખનો ભોગ બન્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ત્રણ એમ્બ્યુલન્સની મદદથી તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે રાજુલાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તમામની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. મધમાખીઓના હુમલાને લઈ લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.

# ધારીના ખોડિયાર ડેમમાં પ્રવાસીઓ માટે બોટિંગની સુવિધા કરવા માગણી

ધારી,તા.૨૩

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને ધારીના ખોડિયાર ડેમમાં પ્રવાસીઓ માટે બોટિંગની સુવિધા કરવા માગણી કરી છે. આ અંગે પત્રમાં જણાવ્યું હતું કે, ધારી વિસ્તારમાં પ્રવાસનને વેગ આપવા માટે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ગળધરા ખોડિયાર મંદિર નજીકના ખોડિયાર ડેમમાં પ્રવાસીઓના મનોરંજન માટે ડેમના છીછરા પાણીમાં બોટિંગની



સુવિધા શરૂ કરવી જોઈએ. ધારી વિસ્તારમાં આંબરડી સફારી પાર્ક, ગળધરા ખોડીયાર માતા મંદિર, સ્વામિનારાયણ સંપ્રદાયના યોગીજી મહારાજના જન્મ સ્થાનમાં શિખરબંધ મંદિર આવેલ છે.

# વડિયાના દેવળકી ગામે વાસ્મો યોજનામાં બનેલી પાણીની ટાંકીમાં ભ્રષ્ટાચારના આક્ષેપો

વડિયા,તા.૨૩

વડિયા-કુંકાવાવ પંથકના આંતરિયાળ ગામ દેવળકી આમ તો રાજકીય સીમાંકન પીડિત ગામ છે. તેના સાંસદ સભ્ય પોરબંદર, ધારાસભ્ય જેતપુર અને જિલ્લા-તાલુકાના સદસ્ય અમરેલીમાં આવે છે. આથી આ ગામના લોકોના તેમના પ્રશ્નો અને મૂંઝવણ દૂર કરવા સતત મથામણ કરતા રહે છે.



આ ગામના લોકોને પીવાના પાણીની સુવિધાઓ કાયમી ઉપલબ્ધ કરાવવા વાસ્મો યોજનામાં લાખો રૂપિયાના ખર્ચે ઉંચી ટાંકી બનાવવામાં આવી હતી. આ ટાંકી બન્યાના બે વર્ષ થયા છે, પરંતુ આ ટાંકી બનતી હતી ત્યારથી નબળી ગુણવતા વાળા કામ બાબતે તેમાં ભ્રષ્ટાચારના આક્ષેપો સ્થાનિક આગેવાનો દ્વારા થયા હતા. પરંતુ ગામમાં પાછળના ત્રણ વર્ષમાં વહીવટદાર શાસન હોવાથી જાણે કોઈ સાંભળનાર જ ના હોય તેમ આવા કામમાં ભ્રષ્ટાચારે માઝા મુક્યાનું લોકો જણાવી રહ્યા છે. સૌ પ્રથમવાર તે બન્યા બાદ પાણી ભરાયું ત્યારે તેમાંથી પાણી ટપકતું હતું. ત્યાર બાદ તે ભ્રષ્ટાચારને છુપાવવા માટે પાણી ખાલી કરીને કેમિકલ મારવામાં આવ્યુ હતું. નબળી ગુણવત્તાને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી શક્યતા હોવાથી આ બાબતે તટસ્થ તપાસ જરૂરી છે.

# કમોસમી વરસાદને લઈ ખેડૂતોને તકેદારી રાખવા અનુરોધ કરાયો

અમરેલી,તા.૨૩

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ તેમજ ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ ખેડૂતોને પાકના સંરક્ષણ માટે આગોતરા પગલાં લેવા અનુરોધ કર્યો છે. ખેડૂતોને કાપણી કરેલો પાક ખુલ્લામાં ન રાખી સલામત સ્થળે ખસેડવા અથવા તાડપત્રીથી ઢાંકી દેવાની સલાહ આપવામાં આવી છે. ખાતર અને બિયારણ સુરક્ષિત રીતે સંગ્રહ કરવું. એ.પી. એમ.સી.માં અનાજને શેડ હેઠળ રાખવા તથા જરૂરી સાવચેતી રાખવા જણાવાયું છે. વધુ માહિતી માટે કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# અમરેલીમાં કાનજી ભૂટા બારોટ બૉર્ડિંગનું મોરારીબાપુના હસ્તે લોકાર્પણ

અમરેલી,તા.૨૩


અમરેલી ખાતે તાજેતરમાં સુપ્રસિધ્ધ વાર્તાકાર 'કાનજી ભુટા બારોટ બૉર્ડિંગ'નું લોકાપર્ણ પ. પૂ. મોરારીબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે વિશ્વવિખ્યાત હાસ્યકલાકાર અને આ બૉર્ડિંગના ભૂમિદાતા જગદીશ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે પૂ. બાપુએ જણાવ્યું હતું કે, કાનજીબાપા એટલે વાતુંનો વડલો કહેવાય. લોકવાર્તા એટલે જ કાનજી ભુટા બારોટ. આજે ઘેઘુર વડલાસમી આ બૉર્ડિંગમાંથી હજુ પણ વળવાઈઓ ફુટે તેવી માર્મિક ટકોર કરીને, પ્રતીકરૂપે વડલાને પાણી પાયું હતું. આ બૉર્ડિંગને જે રૂ.૨૫ લાખનું માતબર ભૂમિદાન જગદીશભાઈએ આપ્યું તે સરાહનીય છે. પૂ. બાપુએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ આ આજના સમયની માંગ છે. સાથોસાથ બારોટ સમાજની પરંપરાનું શિક્ષણ પણ જરૂરી છે. બારોટ સમાજની વિદ્યામાં પણ બારોટ સમાજના વિદ્યાર્થીઓ પારંગત થાય, બારોટી શૈલીની ઘરડ પડે આ બહુ જરૂરી છે, તેમ કહીને પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો. અમરેલીમાં લીલીયા રોડ, લીલીયા બાયપાસ, દાદા ભગવાન મંદિર પાસે આવેલ સમગ્ર બારોટ સમાજનું ગૌરવસમી આ બૉર્ડિંગનો લાભ હવે પછી સાંસ્કૃતિક-સામાજિક કાર્યો માટે પણ મળી શકશે. બૉર્ડિંગનું કામ પૂર્ણ થયે વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રસંગે જગદીશભાઈ ત્રિવેદીએ જણાવ્યું કે, મને આ બૉર્ડિંગમાં ભૂમિદાન કરવાનો અવસર પ્રાપ્ત થયો છે એ મારા માટે બહુ મોટી વાત છે. વરસોથી કાનજીબાપાની વાર્તા સાંભળતા આવતા હોવાથી આજે મને આવો અવસર મળ્યો છે. વરસો પહેલાના રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કાનાજીબાપાનું નામ ફરીથી અમરેલીઃ બારોટ સમાજ ટ્રસ્ટે રોશન કર્યું છે. આ તકે સુરતથી આવેલા ગુરૂકુળના સ્વામી પૂ. વિવેક મિશ્રાજીએ ગુરુકૂળની પરંપરા જાળવવી પણ એટલી જ જરૂરી છે તેમ જ શાસ્ત્ર અને શસ્ત્રનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે તેમ કહીને સમગ્ર બારોટ સમાજને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમ પ્રારંભે ટ્રસ્ટના મંત્રી અમૃતલાલ સોનરાતે કાર્યક્રમની રૂપરેખા આપીને સૌ મહેમાનોને આવકાર્યા હતા. ટ્રસ્ટના પ્રમુખથી નારણભાઈ લગધીરે આભારવિધિ કરી હતી. આ તકે સુપ્રસિધ્ધ લોકસાહિત્યકાર માયાભાઈ આહિર, મેરાણભાઈ ગઢવી વગેરે સહિત દાતાઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમિત સુખડીયાએ કર્યું હતું.

# કાબરિયા મહિલા આટ્ર્સ કોલેજનું બીએ, સેમ-પની પરીક્ષામાં ઝળહળતી સિદ્ધિ

અમરેલી,તા.૨૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બીએ (સોશિયોલોજી) સેમેસ્ટર-પનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલીની ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલની ડી. એચ. કાબરિયા આર્ટસ મહિલા કોલેજનું પરિણામ ૧૦૦ ટકા સાથે ૧૦૦ ડિસ્ટિંક્શન જાહેર થયું છે. કોલેજની વિદ્યાર્થિનીઓ- કડછા જીવતી-કોલેજ ફર્સ્ટ ૯૧.૨૭ ટકા,



જીંજલા અંકિતા બી, કોલેજ સેકન્ડ-૯૦.૯૧ ટકા અને જીંજલા નિશા ડી. કોલેજ થર્ડ-૮૯.૮૨ ટકા પ્રાપ્ત કરેલ છે. આ સફળતા બદલ અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી) તરફથી તમામ રેન્કર, વિદ્યાર્થિનીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# વિશ્વ ભાષા ગૌરવ દિન નિમિત્તે બાબાપુરમાં નિવૃત્ત શિક્ષકનો ભવ્ય સન્માન સમારોહ

બાબાપુર,તા.૨૩

તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શ્રી પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ, બાબાપુર ખાતે નિવૃત્ત શિક્ષક શ્રી હરગોવિંદભાઈ પંડ્યાનો સન્માન સમારોહ તથા "વિશ્વ ભાષા ગૌરવ દિન" નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક શ્રી ભરતભાઈ જોશી અને અમેરિકાથી પધારેલા નિખિલભાઈ પુરોહિત તથા ઋષિભાઈ પુરોહિત પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાની નિયામક આદરણીય



તસવીર : હસુભાઈ રાવલ

મંદાકિનીબેન પુરોહિતની પ્રેરક હાજરી રહી હતી. મુખ્ય મહેમાન ભરતભાઈ જોશીએ જણાવ્યું હતું કે શિક્ષક ક્યારેય નિવૃત્ત થતા નથી; તેઓ જીવનભર સમાજને માર્ગદર્શન આપતા રહે છે. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને પરિવારજનોએ રૂબરૂ તેમજ વિડિયો સંદેશા દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. મહેમાનોનો પરિચય હિમાંશુભાઈ જોશીએ આપ્યો હતો, સન્માનપત્રનું વાચન અંજનાબેન વરડાંગરે કર્યું હતું અને આભારવિધિ અમીબેન મહેતાએ વ્યક્ત કરી હતી.

# ધારીમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દિવ્યાંગો માટે 'નિઃશુલ્ક સાધન સહાય કેમ્પ'નું આયોજન

ધારી,તા.૨૩

ભારત વિકાસ પરિષદ-બાપુનગર શાખા અને ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્ર-પાલડી દ્વારા ધારીના આંગણે એક અત્યંત પ્રશંસનીય અને માનવીય અભિગમ ધરાવતો 'નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય કેમ્પ' યોજવામાં આવ્યો છે. આ કેમ્પ શારીરિક પડકારોનો સામનો કરી રહેલા દિવ્યાંગ ભાઈ-બહેનોને આત્મનિર્ભર બનાવવાનો એક ભગીરથ પ્રયાસ છે.



ધારીમાં અમરેલી રોડ પર બસ ડેપો પાસે આવેલી દામાણી બોયઝ હાઈસ્કૂલ ખાતે ગત તા. ૨૨-૦૨-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા દરમિયાન જે લાભાર્થીઓએ અગાઉ આ યોજના હેઠળ નામ નોંધાવ્યા હતા, તેમના માપ લેવાનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સેવાયજ્ઞને સફળ બનાવવા માટે સ્થાનિક અગ્રણીઓ કેતનભાઈ સોની, પરેશભાઈ પટણી, સુરેશભાઈ ગમારા સાહેબ, ચિરાગભાઈ પરમાર, અરવિંદભાઈ રંગપરિયા, રમેશભાઈ મકવાણા, પ્રકાશભાઈ કારીયા, મયુરભાઈ દવે સહિત તેમની સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# હેમાળ ગામે 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ' યોજાયો

જાફરાબાદ,તા.૨૩

ભગવાન સ્વામિનારાયણે ધોલેરામાં મદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ, તે ઉપલક્ષમાં જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે શાળા ખાતે માનવસેવાલક્ષી 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ધોલેરા મદનમોહનજી મહારાજના ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી આ આયોજન કરવામાં આવ્યું હતું.



ગત તા. ૨૨/૦૨/૨૦૨૬ ને રવિવારના રોજ યોજાયેલા આ બ્લડ ડોનેશન કેમ્પમાં જાફરાબાદ- રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હેમાળ ગામ ખાતે યોજાયેલ આ કેમ્પમાં રક્તદાતાઓ દ્વારા ઉત્સાહભેર રક્તદાન કરવામાં આવતા કુલ ૧૧૩ બોટલ રક્ત એકત્રિત થયું હતું. દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવ અને અનુષ્ઠાન ઉપરાંત માનવસેવાલક્ષી કાર્યોના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલીની અજમેરા કન્યા વિદ્યાલય ખાતે 'સશક્ત યુવા અને ભગવત ગીતા' પરિસંવાદ યોજાયો

અમરેલી,તા.૨૩



રાજ્ય સરકારના મંત્રી કૌશિક વેકરીયાના સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલી અને અજમેરા કન્યા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે "સશક્ત યુવા અને ભગવતગીતા" વિષયક પરિસંવાદ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. શિક્ષક ભાઈ-બહેનો દ્વારા મહેમાનોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું, જ્યારે આચાર્યા કંચનબેન બારૈયાએ શબ્દોથી સ્વાગત કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ડો. ભરતભાઈ કાનાબાર અને રેખાબેન માવદીયા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલિયાએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. વિદ્યાર્થિની કુ. જિલ જોશીને સુગમ સંગીતમાં રાજ્યમાં દ્વિતીય સ્થાન મેળવવા બદલ સન્માનિત કરવામાં આવી હતી.મુખ્ય વક્તા ડૉ. વિલાસબેન સોરઠિયાએ ભગવતગીતાના શ્લોકોનું પઠન કરી જીવનમાં તેના મહત્વની સમજ આપી હતી. અંતે પ્રશ્નોત્તરી યોજાઈ અને પ્રોફેસર જે.એમ. તળાવિયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારીના વિરપુર ગામે ગીરગંગાના સહયોગથી પ્રફુલભાઈ સેજલીયાના હસ્તે ચેકડેમનું ખાતમુહૂર્ત

ધારી,તા.૨૩



ધારી તાલુકાના વિરપુર ગામમાં જળસ્તર ઊંચા લાવવાના અને ખેતીને સમૃદ્ધ બનાવવાના હેતુથી પ્રફુલભાઈ સેજલીયાના હસ્તે નવાણ નદી પર ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના કાર્યોની સરાહના કરવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ નીલુબેન જોષીએ પાણીની વિકટ સમસ્યા અને તેના સંગ્રહ વિશે ઊંડી સમજ આપતા જણાવ્યું હતું કે, ગામના ઉજ્જવળ ભવિષ્ય માટે જળ એ જ જીવન છે અને આ ચેકડેમ આગામી સમયમાં ગામની પાણીની જરૂરિયાત પૂરી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રફુલભાઈ સેજલીયાએ જણાવ્યું હતું કે, પૃથ્વી પર પાણીના સ્ત્રોત મર્યાદિત છે, તેથી જળ સંગ્રહ એ જ સાચી દેશસેવા છે. આ તકે વિલાસબેન ચોડવડીયા, રસિકભાઈ ચોડવાડીયા, વશરામભાઈ ચોડવાડીયા, ભુપતભાઈ ચોડવાડીયા, ભીખુભાઈ કોડિયા, ભરતભાઈ ભયાણી, પ્રફુલભાઈ શેલડીયા, દેવચંદભાઈ ચોડવાડીયા, નરેશભાઈ ચોડવાડીયા, ભરતભાઈ ચોડવાડીયા વગેરે હાજર રહ્યા હતા.

# અમરેલી પીજીવીસીએલ ડિવિઝન-૨ દ્વારા વીજ બિલ ભરપાઈ કરવા અપીલ

**બાકી વીજ બિલના કારણે કનેક્શન કાપવાની કાર્યવાહી અને ડોર-ટુ-ડોર વસૂલાત કરાશે**

અમરેલી,તા.૨૩

અમરેલી ડિવિઝન-૨ (PGVCL) હેઠળ આવતા ધારી-૧, ધારી-૨, બગસરા, કુંકાવાવ, ચલાલા અને વાડિયા પેટા વિભાગીય કચેરીના તમામ ગ્રાહકોને જણાવવાનું કે, જેમના વીજ બિલ બાકી છે તેઓએ તાત્કાલિક ઓનલાઈન અથવા કચેરી ખાતે બિલ ભરી દેવા. વીજ તંત્ર દ્વારા હાલ વિવિધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ડોર-ટુ-ડોર વસૂલાત શરૂ કરવામાં આવી છે અને બાકીદારોને નોટિસ પણ પાઠવવામાં આવી છે.બાકી રકમ ૨૫-૦૨-૨૦૨૬ પહેલાં ભરપાઈ કરવી અનિવાર્ય છે.૨૫ ફેબ્રુઆરીના રોજ સ્થળ પર કોઈ પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં. જો પાવર કટ થશે, તો ગ્રાહકે પૂરું બિલ અને રી-કનેક્શન ચાર્જ ભર્યા બાદ જ વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે.

# ચલાલામાં રૂ.૩ લાખની સોનાની લકી પરત કરી હેર સલૂન માલિકોએ ઈમાનદારી મહેકાવી

ચલાલા, તા. ૨૩



ચલાલા શહેરમાં પ્રેરણાદાયી ઉદાહરણ જોવા મળ્યું છે. શહેરના બે ભાઈઓએ રસ્તા પરથી મળેલી અંદાજે રૂ.૩ લાખની કિંમતની સોનાની લકી તેના અસલ માલિકને પરત સોંપીને સમાજમાં એક ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.ચલાલાના જાણીતા રઘુવંશી વેપારી પીયૂષભાઈ બાલાભાઈ સોઢાની રૂ.૩ લાખની સોનાની લકી બે દિવસ પહેલા ખોવાઈ ગઈ હતી. પીયૂષભાઈએ તેની ઘણી શોધખોળ કરી હોવા છતાં ક્યાંય પત્તો લાગ્યો ન હતો, જેને કારણે તેઓ ખૂબ ચિંતામાં હતા.બીજી તરફ, અમરેલી રોડ પર આવેલ "કેશ કલા" હેર સલૂન ચલાવતા પ્રકાશભાઈ જયંતીભાઈ સાદીયા અને યોગેશભાઈ હિંમતભાઈ સાદીયાને આ લકી મળી આવી હતી. કિંમતી લકી હોવા છતાં, આ બંને ભાઈઓએ જરા પણ લાલચ રાખ્યા વગર તેના અસલ માલિકની શોધ શરૂ કરી હતી. જ્યારે તેમને જાણ થઈ કે આ લકી વેપારી પીયૂષભાઈની છે, ત્યારે બંને ભાઈઓએ ઈમાનદારીનો પરિચય આપતા લકી તેમને પરત સોંપી દીધી હતી.

# સાવરકુંડલાના મઢડા મર્ડર કેસમાં કોર્ટે આરોપીને જામીન આપ્યા





સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા તાલકુાના મઢડામાં આજથી આશરે આઠેક માસ પહેલા હત્યાના બનાવમાં નવ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી તમામને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જે પૈકી આરોપી નં. ૫ દાનુભાઈ જીવાભાઈ ભાલીયા (રહે. મઢડા)એ સાવરકુંડલા એડી. સેશન્સ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જેમાં આરોપી તરફે અમરેલીના જાણીતા એડવોકેટ સાજીદખાન એમ. યુસુફભાઈ અને શાદાબ મુસાનીએ કાયદાકીય મુદાઓ પર દલીલ કરી હતી.

# દામનગરની શેઠ એમ.સી.મહેતા હાઈસ્કૂલમાં વિશ્વ માતૃભાષા દિનની શાનદાર ઉજવણી

અમરેલી,તા.૨૩



દામનગર શહેરની નગરપાલિકા સંચાલિત શેઠ એમ. સી. મહેતા હાઈસ્કૂલમાં ૨૨ ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિદાયમાન કાર્યક્રમ પણ યોજાયો હતો.કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ ગોબરભાઈ નારોલા અને શિક્ષણ સમિતિના ચેરમેન ધ્રુવભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવોએ વિશેષ ઉપસ્થિતિ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રજનીકાંત મહેતાના માર્ગદર્શન હેઠળ મનોજભાઈ રાજ્યગુરુ દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય પાર્થેશભાઈ ત્રિવેદી અને ભાવનાબેન પંડ્યાએ પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાતી વાંગ્મય અને પ્રખ્યાત સાહિત્યકારોના પ્રદાન વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. અંતમાં, બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# કેબલ વાયર નાખવા બાબતે થયેલી બોલાચાલી બાદ બાબરાના અમરાપરા ગામે મહિલાનો આપઘાત

બાબરા, તા. ૨૩

બાબરાના અમરાપરા ગામે કેબલ વાયર નાખવા બાબતે થયેલી બોલાચાલીથી માઠું લાગી આવતા એક મહિલાએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું છે. આ બનાવ અંગે અશોકભાઈ રામભાઈ વાઘેલા (ઉ.વ. ૩૮) એ પોલીસને જાણ કરી હતી.

પોલીસ જાહેરનામા મુજબ, અશોકભાઈને તેમના ભાઈ સાથે કેબલ વાયર નાખવા બાબતે ઝઘડો થયો હતો. આ વાતનું સોનલબેન અશોકભાઈ વાઘેલા (ઉ.વ. ૩૫) ને લાગી આવતા તેમણે ઝેરી દવા પી લીધી હતી, જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું.





સંકુલ B.Pharm. - M.Pharm.
નામાંકિત ફાર્મસી કોલેજ
સંકુલ B.Ed. - PTC
નામાંકિત એજ્યુકેશન કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક (ગર્લ્સ) સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી - Ad205




TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઇંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ ક્લાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો.૯૮૭૯૭ ૬૯૪૫૧





## -//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૫૫/૨૦૨૬

**અરજદાર** :- શ્રી અલાઉદીનભાઈ રહેમાનભાઈ મુલતાની
રહે.બાબાપુર, તા. જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. બાબાપુર, તા. જી. અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બાબાપુર ગામમાં અરજદાર શ્રી અલાઉદીનભાઈ રહેમાનભાઈ મુલતાની તેઓના પુત્ર સિકંદરભાઈ અલાઉદીનભાઈ મુલતાનીની જન્મ(તા.૨૮/૦૪/૧૯૮૪)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૬૩/૨૦૨૬

અરજદાર :- શ્રી રમેશભાઈ પોપટભાઈ ધામી
રહે. ચાંપાથળ, તા. જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ચાંપાથળ, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાંપાથળ ગામમાં અરજદાર શ્રી રમેશભાઈ પોપટભાઈ ધામી તેઓના ભત્રીજી જયશ્રીબહેન દયાળભાઈ ધામીની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -// મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - ખાંભા //-

બ.ડે. રજી.કેસ નં.૦૩/૨૬ | નં.એમએજી/વશી/૦૨/૨૦૨૬
તા. ૩૧/૦૧/૨૦૨૬

**અરજદાર** :- શ્રી મથુરભાઈ વાલજીભાઈ કોટડીયા,
રહે.મોટા બારમણ, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
- વ-
તલાટી કમ મંત્રી શ્રી, મોટા બારમણ, તા.ખાંભા, જિ.અમરેલી.

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેરનોટીસથી જાણ કરવામાંઆવે છે કે, **શ્રી મથુરભાઈ વાલજીભાઈ કોટડીયા રહે. મોટા બારમણ તા. ખાંભા, જિ.અમરેલી વાળાએ** તેમના પુત્ર નામે ગૌતમ મથુરભાઈ કોટડીયા **જન્મ તા. ૧૦/૦૬/૨૦૦૨** નાં રોજ ખાંભા તાલુકાનાં મોટા બારમણ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ખાંભા**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૨૨/૨૦૨૬

શ્રી મિલન પ્રવિણકુમાર રામોલીયા
રહે.રાજકોટ, ઠે.તપન હાઈટ્સ, સી ૯૦૨, મટુકી રેસ્ટોરન્ટ, ૮૦ ફુટ રોડ,
પુનિત નગર, મવડી-રાજકોટ તા.જી.રાજકોટ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મિલન પ્રવિણકુમાર રામોલીયાનો જન્મ તા.૦૪/૧૨/૧૯૮૫ના રોજ ગામ/મોજે: બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૬ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

# લાઠીમાં જનક તળાવીયા દ્વારા લોક દરબાર યોજાયો: વિધાનસભા વિસ્તારના પ્રશ્નનું સ્થળ પર નિરાકરણ

લાઠી,તા.૨૩



લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા લાઠીમાં 'સમર્પણ કાર્યાલય' ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં જનપ્રતિનિધિઓ, ખેડૂતો, આગેવાનો, મહિલાઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ લોક દરબારમાં એસ. ટી. બસ સુવિધા, વીજ પુરવઠો, સિંચાઈ, પાક વીમો, રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, પાણી પુરવઠો, આરોગ્ય અને શિક્ષણને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. ધારાસભ્યએ દરેક રજૂઆતને ગંભીરતાપૂર્વક સાંભળી સંબંધિત વિભાગના અધિકારીઓને તાત્કાલિક સૂચનાઓ આપી હતી અને અનેક પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવ્યા હતા. નોંધનીય છે કે, ધારાસભ્ય દર અઠવાડિયે જનતા દરબાર યોજી લોકસંપર્ક જાળવી રાખવાની પરંપરા દ્વારા જનતાની વચ્ચે સતત સક્રિય રહે છે. લોક દરબાર દરમિયાન ગ્રામજનોએ જણાવ્યું હતું કે, સરકારી કચેરીઓના ધક્કા ખાવાને બદલે ધારાસભ્યના કાર્યાલયે સીધી રજૂઆત કરવાથી કામગીરી વધુ ઝડપી થાય છે.

# સા.કુંડલાના દેતડ ગામમાં દારૂના દૂષણ સામે ગ્રામજનોનો પોલીસ મથકે હલ્લાબોલ

અમરેલી,તા.૨૩



સાવરકુંડલા તાલુકાના દેતડ ગામમાં બેફામ વેચાતા દારૂના મુદ્દે ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ગામમાં દારૂના ખુલ્લેઆમ વેચાણથી કંટાળીને મોટી સંખ્યામાં મહિલાઓ, સરપંચ અને અગ્રણીઓએ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. ગ્રામજનોએ પોલીસ મથકના પટાંગણમાં જ બેસી જઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને બુટલેગરો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.સ્થાનિક મહિલા અસ્મિતાબેન વાઘેલાએ સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, દારૂના નશામાં ધૂત શખ્સો દ્વારા મહિલાઓ અને દીકરીઓની છેડતી કરવામાં આવે છે. મજૂરી કામ કરતા પરિવારોની ગેરહાજરીમાં મહિલાઓ પોતાને અસુરક્ષિત અનુભવી રહી છે. તેમણે સવાલ કર્યો હતો કે, "જો અમારી દીકરીઓને કંઈ થશે તો તેની જવાબદારી કોણ લેશે?"ગ્રામજનોએ પોલીસને આવેદનપત્ર પાઠવીને સ્પષ્ટ ચીમકી આપી છે કે આગામી ૨૪ કલાકમાં ગામમાં દારૂનું વેચાણ સંપૂર્ણપણે બંધ થવું જોઈએ. પોલીસે આ મામલે યોગ્ય તપાસ અને કડક કાર્યવાહી કરવાની ખાતરી આપતા હાલ મામલો થાળે પડ્યો છે, પરંતુ ગ્રામજનોમાં હજુ પણ છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

# સા.કુંડલાના ડેડકડી ગામે સિંહે ગાયનું મારણ કરતા ફફડાટ

અમરેલી,તા.૨૩



સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે વહેલી સવારે સિંહે રેઢિયાર ગાયનું મારણ કર્યું હતું.

ગામની સીમમાં સિંહોના આંટાફેરા વધતા ગ્રામજનોમાં ભય ફેલાયો છે. ડેડકડી, મઢડા, છાપરી અને લીખાળા જેવા ગામોમાં પશુપાલકો ચિંતિત બન્યા છે. અગાઉ ૧૮ ફેબ્રુઆરીએ મઢડા ગામે ત્રણ ઘેટાં મારાયા હતા. વારંવારની આવી ઘટનાઓને કારણે લોકો સુરક્ષા વધારવાની માંગ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં કેન્સર અને થેલેસેમિયાના દર્દીઓના લાભાર્થે રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલામાં શિવાજીનગર સ્થિત પટેલ સમાજની વાડી ખાતે રવિવારે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૮૦ રક્તવીરોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું.ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરામાં શ્રીમદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી, પ.પૂ.સ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી આ આયોજન કરાયું હતું. દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા વિવિધ ધાર્મિક ઉત્સવોની સાથે માનવસેવાના ભાગરૂપે આ 'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ' યોજાયો હતો. નોંધનીય છે કે આ અભિયાન અંતર્ગત ભારત સહિત વિશ્વના ૭ દેશોમાં એક જ દિવસે અને એક જ સમયે વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં રક્તદાતાઓને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા આંતરરાષ્ટ્રીય રક્તદાન કેમ્પ સમિતિ તરફથી ભેટ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# બગસરા માર્કેટિંગ યાર્ડમાં તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

અમરેલી,તા.૨૩



બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે શ્રી બગસરા વિવિધ સેવા ખેડૂત સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે તુવેરની ખરીદીનો વિધિવત પ્રારંભ થયો છે. ચેરમેન દ્વારા શ્રીફળ વધેરીને આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. પ્રથમ દિવસે ૨૦ ખેડૂતોને સંદેશા મોકલાયા હતા, જેમાંથી ૮ ખેડૂતો હાજર રહ્યા હતા. નિયમ મુજબ ૨ હેક્ટર જમીન ધરાવતા ખેડૂતો પાસેથી ૧૨૫ મણ તુવેર ખરીદવામાં આવશે. યાર્ડના ચેરમેન ભાવનાબેન સતાસિયાએ આ વ્યવસ્થાની સંપૂર્ણ માહિતી આપી હતી.

# રાજુલાના નવા આગરિયામાં મહા રક્તદાન કેમ્પ યોજાયો

રાજુલા,તા.૨૩



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકાના નવા આગરિયા ગામમાં આજે 'નવકાર ચેરિટેબલ ટ્રસ્ટ'ના સહયોગથી, સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મયુરભાઈ બગડાના જન્મદિવસ નિમિત્તે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મયુરભાઈ અને તેમના સમર્થકોએ મોટી સંખ્યામાં આ કેમ્પમાં ભાગ લીધો હતો.આ પ્રસંગે સરપંચ એસોસિએશનના પ્રમુખ મનુભાઈ ધાખડા, કારોબારી ચેરમેન કનુભાઈ કળસરિયા, કરશનભાઈ કળસરિયા, બળવંતભાઈ લાડુમોર, પ્રકાશભાઈ ખુમાણ, અશ્વિનભાઈ ખુમાણ, વલ્લભભાઈ છોટાળા, બાબુભાઈ હડિયા, રઘુવીરભાઈ વરૂ, કાનભાઈ બરવાળીયા, શામજીભાઈ ખાણિયા પ્રવિણભાઈ વણજારાએ વિશેષ હાજરી આપી હતી. રાજુલા મુસ્લિમ સમાજના આગેવાનો પણ મયુરભાઈને શુભેચ્છા પાઠવવા પહોંચ્યા હતા.

# અમરેલી જિલ્લામાં બે સ્થળે દરોડા: ૧૦ જુગારીઓ રોકડ સાથે ઝડપાયા

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં પોલીસે બે અલગ-અલગ સ્થળે દરોડા પાડી ૧૦ શખ્સોને રૂ.૩૫,૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. પ્રથમ દરોડામાં, જાફરાબાદના કડીયાળી ગામે લીંબડીયા હનુમાન પાસે બાવળની કાંટમાં જાહેરમાં જુગાર રમતા જયરાજભાઈ ચાપરાજભાઈ ધાખડા, જશુભાઈ બાબાભાઈ ધાખડા, મનુભાઈ માધુભાઈ કાંધમણા તથા જયસુખભાઈ લાખાભાઈ સોસાને ગંજીપત્તા વડે તીનપત્તીનો જુગાર રમતા રૂ.૨૦,૧૦૦ની રોકડ સાથે ઝડપી લેવાયા હતા.બીજા બનાવમાં, બાબરાના સુકવળા ગામની સીમમાં 'ધુફળીયા' તરીકે ઓળખાતી પડતર જગ્યામાં બાવળ નીચે જુગાર રમતા રઉફભાઈ જીકરભાઈ ખીમાણી, પરેશભાઈ સવશીભાઈ કટસીયા, અમરશીભાઈ લખમણભાઈ મેણીયા, શાન્તુભાઈ આપાભાઈ વાળા, હકુભાઈ ભોજભાઈ વાળા તથા મુકેશભાઈ તળશીભાઈ ઓળકીયાને કુલ રૂ.૧૫,૨૨૦ની રોકડ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રાજુલાના ઝાપોદર ગામના યુવકને મૂંઢ ઈજા કરી ટાંટિયા ભાંગી નાખવાની ધમકી

રાજુલા, તા. ૨૩

રાજુલાના ઝાપોદર ગામના એક યુવકને મુંઢ ઈજા પહોંચાડી ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. વિજયભાઈ પથુભાઈ ધાખડા (ઉ.વ. ૨૪)એ મહેશભાઈ મનુભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે ૨૦ દિવસ પહેલાં તેમના કાકા મધુભાઈને રાજુલા મુકામે આરોપીએ માર મારી હાથ ભાંગી નાખ્યો હતો.જે અંગે તેમના કાકાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ વાતનું મનદુ:ખ રાખી, જ્યારે વિજયભાઈ પોતાના ઘરેથી માલઢોર લઈને વાડીએ જઈ રહ્યા હતા, ત્યારે ઝાપોદર ગામ બહાર બંધ કારખાના પાસે આરોપી લોખંડનો પાઈપ લઈને ધસી આવ્યો હતો. આરોપીએ વિજયભાઈને મુંઢ ઈજા કરી, ટાંટિયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળાગાળી કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરુ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**કાકાએ કરેલી ફરિયાદની અદાવતમાં ભત્રીજા પર હુમલો**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૨૪-૦૨-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૧,
સૂર્યાસ્ત-૦૬:૧૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

**તા. ૨૪-૦૨-૨૦૨૬ — મંગળવાર**

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ:આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

# સાવરકુંડલામાં યોજાયેલ સમૂહલગ્નમાં ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા

સાવરકુંડલા,તા.૨૩


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં બાબા રામદેવ યુવક મંડળ દ્વારા ગત રોજ 'ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલ ૧૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડી નૂતન ગૃહસ્થ જીવનનો પ્રારંભ કર્યો હતો. છેલ્લા ચાર વર્ષથી અવિરત ચાલતી આ પરંપરા અંતર્ગત આ વર્ષે પણ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના દીકરા-દીકરીઓ માટે લગ્નનો રૂડો અવસર ઊભો કરવામાં આવ્યો હતો.ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો અને મહેમાનોએ આયોજકોની કામગીરીને બિરદાવી હતી. મંડળના અગ્રણીઓએ આ તકે જણાવ્યું હતું કે, સામાજિક સમરસતા વધે અને જરૂરિયાતમંદ પરિવારો પર આર્થિક ભારણ ન આવે તે હેતુથી આ આયોજન કરવામાં આવે છે. મંડળ દ્વારા નવદંપતીઓને આશીર્વાદ સાથે જરૂરી કરિયાવરની વસ્તુઓ પણ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

# ટોડા અને દેરડી (જાનબાઈ) ગામે મહિલાઓ પાસેથી દેશી દારૂ ઝડપાયો

**પોલીસની ઢીલીનીતિથી હવે દેશી દારૂમાં મહિલાઓ પણ સક્રિય બની**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં કુલ ત્રણ વ્યક્તિઓ પાસેથી આઠ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં જાફરાબાદના જૂના પુલ પાસેથી એક પુરુષ પાસેથી એક લિટર, ટોડા ગામે એક મહિલા પાસેથી ત્રણ લિટર તથા દેરડી (જાનબાઈ) ગામે પણ અન્ય એક મહિલા પાસેથી ચાર લિટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત, જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ૧૨ શખ્સો પાસ-પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા મળી આવ્યા હતા. જ્યારે સનાળીયા ગામના બસ સ્ટેન્ડ પાસેથી જેસરના કાત્રોડી ગામનો એક યુવક નશાની હાલતમાં ટુ-વ્હીલર ચલાવતા પકડાયો હતો.

# બગસરાના ભરવાડ સમાજે સતત ૧૬માં વર્ષે દ્વારકા પદયાત્રાનું આયોજન કર્યું


બગસરા, તા. ૨૩


તસવીર : હાર્દિક બામટા

બગસરામાં છેલ્લા ૧૬ વર્ષથી ફાગણ મહિનામાં હોળી તેમજ ધુળેટીના પર્વ નિમિત્તે દ્વારકા પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ પરંપરા જાળવી રાખતા ૧૬૦૦ જેટલા ભાઈઓ-બહેનો આ પદયાત્રામાં જોડાયા હતા. ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરી અને સ્થાનિક સંતો-મહંતોના આશીર્વાદ લઈને આ યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. સમસ્ત ભરવાડ સમાજે પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને આ ભક્તિમય આયોજનમાં સહભાગી થયા હતા. આ સંઘ દરરોજ અંદાજે ૨૫ કિ.મી.નું અંતર કાપશે અને ૯મા દિવસે દ્વારકા પહોંચશે. ત્યાં ગોમતી નદીમાં સ્નાન કરી અને ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરીને ભાવિકો પરત ફરશે.

# ચલાલામાં સૌરાષ્ટ્ર સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ચોથો સમૂહલગ્ન સમારોહ યોજાયો

ધારી,તા.૨૩


તસવીર : સંજય વાળા

ચલાલા ખાતે સૌરાષ્ટ્ર સમાજ સેવા ટ્રસ્ટ, સાવરકુંડલા દ્વારા આયોજિત ચોથો સમૂહ લગ્ન સમારોહ ધાર્મિક અને સામાજિક ભાવના સાથે ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે અનેક નવદંપતીઓએ વૈદિક વિધિ અનુસાર લગ્નગ્રંથિથી જોડાઈને પોતાના નવા જીવનનો પ્રારંભ કર્યો હતો. આ સમારોહમાં મોટી સંખ્યામાં સામાજિક અગ્રણીઓ, દાતાઓ તેમજ સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પરંપરાગત રીત-રિવાજો અને સંસ્કૃતિનું જતન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા નવદંપતીઓને આશીર્વાદરૂપે ઘરવખરીની ઉપયોગી ભેટો પણ અર્પણ કરવામાં આવી હતી. ટ્રસ્ટના આગેવાનોએ જણાવ્યું હતું કે, સમૂહ લગ્નના આયોજનથી સમાજમાં સહકાર અને એકતાની ભાવના મજબૂત બને છે, સાથે જ આર્થિક રીતે મધ્યમ કે નબળા પરિવારોને મોટો સામાજિક ટેકો મળે છે.

# અમરેલી જિલ્લા સહિત રાજ્યમાં કમોસમી વરસાદ સાથે હવામાનમાં પલટો

અમદાવાદ,તા.૨૩

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે ૨૩મી ફેબ્રુઆરીએ અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. વહેલી સવારથી શહેરમાં વાદળછાયું વાતાવરણ છવાયું હતું અને બાદમાં સિંધુ ભવન રોડ, ગોતા, ચાંદલોડિયા તેમજ એસ.જી. હાઈવે જેવા વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા હતા. અમદાવાદ,અમરેલી સહિત લગભગ દરેક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. કાળા ઘેરા વાદળો અને ઠંડા પવનોના કારણે તાપમાનમાં પણ થોડો ઘટાડો નોંધાયો હતો. અચાનક બદલાયેલા આ હવામાનને કારણે લોકોમાં આશ્ચર્ય અને સાવચેતી બંને જોવા મળ્યા હતા. ખાસ કરીને ઓફિસ જતા લોકો અને વિદ્યાર્થીઓને વરસાદી ઝાપટાંને કારણે થોડી અડચણોનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં સોમવારે વાવાઝોડા જેવી પરિસ્થિતિ સાથે માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. દક્ષિણ ગુજરાતના ભરૂચ, તાપી, સુરત, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં પવન સાથે હળવા ઝાપટાં પડવાની આગાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ કમોસમી વરસાદની પૂરી શક્યતા દર્શાવવામાં આવી છે. અચાનક બદલાતા હવામાનને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઘઉં, જીરૂં અને




શાકભાજી જેવા પાક પર માવઠાની અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, ૨૪મી ફેબ્રુઆરીથી રાજ્યમાં હવામાનમાં ફરી પલટો આવશે અને વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેવાની શક્યતા છે. જોકે તાપમાનમાં વધ-ઘટ ચાલુ રહેશે. વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આજે કમોસમી વરસાદનો ભારે પ્રભાવ જોવા મળ્યો હતો. શિનોર, માલસર અને દામાપુરા ગામોમાં જોરદાર વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. તે જ રીતે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને જંબુસર તાલુકામાં પણ તેજ પવન સાથે વરસાદ નોંધાયો હતો. ઠંડા પવનોના ઝોકા અને વરસાદી વાતાવરણને કારણે લોકો ઘરઆંગણે જ રહેવાનું પસંદ કર્યું હતું.રાજ્યમાં હાલ બદલાતી હવામાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે નાગરિકોને સાવચેત રહેવા અને જરૂરી સાવચેતીના પગલાં લેવા અનુરોધ કર્યો છે. ખેડૂતોને પણ પાકને નુકસાનથી બચાવવા યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે.આમ, શિયાળાના અંતે અને ઉનાળાની શરૂઆતમાં આવેલા આ કમોસમી વરસાદે રાજ્યના હવામાનમાં અનિશ્ચિતતા સર્જી છે અને લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

**સાવરકુંડલા,બગસરામાં વરસાદી ઝાંપટાથી ખેડૂતોમાં ચિંતા**

સોમવારના રોજ રાજયમાં કમોસમી વરસાદ પડ્યો હતો. અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને બગસરા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાંપટા પડ્યા હતા. વરસાદી ઝાંપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જેથી લોકોને ગરમીથી રાહત મળી હતી. કમોસમી વરસાદને કારણે ખેડૂતોની માઠી દશા બેઠી છે. શિયાળુ પાક હજુ ખેતરોમાં ઉભો હોય જેથી ખેડૂતોને ખેતીપાકના નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. હાલ તો કમોસમી વરસાદથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે.

## ધોરાજી-જેતપુર હાઈવે પર અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા બે ગંભીર

ધોરાજી,તા.૨૩




તસવીર : નયન કુહાડીયા

ધોરાજીના નેશનલ હાઈવે પર જેતપુર રોડ ખાતે ભૂખી ચોકડી પાસે હિટ એન્ડ રનનો બનાવ નોંધાયો છે. ઉમેશભાઈ સોલંકી અને વસંતભાઈ સોલંકી પોતાના કામે જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા અજાણ્યા વાહનચાલકે તેમની મોટરસાયકલને ટક્કર મારી ફરાર થઈ ગયો. અકસ્માતમાં બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા. બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને પ્રાથમિક સારવાર આપી તેમને ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા. આ મામલે ધોરાજી તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સિહોર તાલુકામાં નશાકારક ગાંજા અને અફીણની ખેતી ઝડપાઈ

**"મરબી ઢોરાવાળી" વાડીમાંથી ૧૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત, બે આરોપીની ધરપકડ**

સિહોર,તા.૨૩




સિહોર તાલુકામાં નશીલા માદક પદાર્થોના ગેરકાયદેસર વાવેતર અને કારોબાર સામે સિહોર પોલીસ દ્વારા ઐતિહાસિક અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સર અને સખાવદર ગામની સીમ પર કરકોલિયા રોડ નજીક આવેલી ''મરબી ઢોરાવાળી'' તરીકે ઓળખાતી વાડીમાં લાંબા સમયથી ગાંજો અને અફીણની ખેતી ચાલી રહી હોવાની ગુપ્ત બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે વિશેષ ટીમ બનાવી વહેલી સવારે દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી અંદાજે ૧૦૮૭.૫૨ કિલો લીલો પોશ ડોડા અફીણ (રૂ. ૧૦,૮૬,૯૮,૦૦૦), ૨૬.૦૬૦ કિલો સુકો પોશ ડોડા (રૂ. ૩,૯૦,૯૦૦) અને ૧૯.૧૪૦ કિલો લીલો ગાંજો (રૂ. ૧,૯૧,૪૦૦) મળી કુલ રૂ. ૧૦,૯૨,૮૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તમામ કાનૂની કાર્યવાહી પૂર્ણ કરીને પોલીસે બે શખસોની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## સો.મીડીયામાં લોકોને ધમકાવતી કિર્તી પટેલ ચોધાર આસુએ રડી પડી

જૂનાગઢ,તા.૨૩



મહાશિવરાત્રિના મેળા દરમિયાન પ્રતિબંધિત અને અત્યંત પવિત્ર ગણાતા મૃગીકુંડમાં નાગા સાધુઓ સાથે છળકપટથી શાહી સ્નાન કરવાના ગંભીર આરોપ હેઠળ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલની ધરપકડ કરવામાં આવી છે. આજે જ્યારે પોલીસ દ્વારા તેને જૂનાગઢ કોર્ટમાં રજૂ કરવામાં આવી, ત્યારે વાતાવરણ ભારે ગરમાયું હતું.

પોલીસ વાનમાંથી ઉતરતા જ કીર્તિ પટેલ રડવા લાગી હતી અને મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું કે, તેના પર લાગેલા તમામ આરોપો નિરાધાર છે. તેણે ન્યાયની અપીલ કરતા કહ્યું, ''મીડિયા સત્ય જાણે અને મને ન્યાય મળે.'' જોકે, મહિલા પી.આઈ. ગગનિયા અને અન્ય સ્ટાફ તેને તુરંત કોર્ટની અંદર લઈ ગયા હતા

## ઉનામાં સમસ્ત કોળી સમાજ દ્વારા સાતમા સમૂહ લગ્નનું ભવ્ય આયોજન

ઉના,તા.૨૩



ઉના ગીર ગઢડામાં સમસ્ત કોળી સમાજ, નવયુવક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-ઉના અને નવયુવક કોળી મંડળ દ્વારા સાતમા સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ ઉનાની શાહ એચ.ડી. હાઈસ્કૂલના પટાંગણમાં યોજાયેલા આ પ્રસંગે કુલ ૪૦ નવદંપતીઓએ લગ્નગ્રંથિથી જોડાઈને નવું જીવન શરૂ કર્યું હતું.આ પ્રસંગે જૂનાગઢ-ગીર સોમનાથના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પરમાર તેમજ માનસિંહભાઈ પરમાર, નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, અલ્પેશભાઈ બાંભણીયા અને વિજયભાઈ રાઠોડ સહિતના રાજકીય અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, શહેરના વેપારી અગ્રણીઓ, વિવિધ સમાજના પ્રમુખો, નામાંકિત તબીબો અને સરપંચોએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.

## કોડીનારના ગાયત્રી મંદિર હોલ ખાતે ઐતિહાસિક 'વિરાટ હિન્દુ સંમેલન' યોજાયું

કોડીનાર,તા.૨૩



ક્રાંતિભૂમિ કોડીનાર નગરમાં ગાયત્રી મંદિર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આહ્વાન 'એક હિન્દુ શ્રેષ્ઠ હિન્દુ' અંતર્ગત એક ઐતિહાસિક વિરાટ હિન્દુ સંમેલન યોજાઈ ગયું. કોડીનાર નગરમાં પ્રબુદ્ધ વર્ગ દ્વારા આયોજિત આ પ્રથમ હિન્દુ સંમેલનમાં સમગ્ર વિસ્તારના લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. હિન્દુ સંમેલન સમિતિ દ્વારા ગાયત્રી મંદિર હોલ ખાતે સનાતન સંસ્કૃતિ અનુસાર આયોજિત આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને બાલુભાઈ જાદવ બિરાજમાન હતા. મુખ્ય અતિથિ વિશેષ તરીકે કરશનદાસ બાપુ ઉપવાસી, બિલેશ્વર મહાદેવ મંદિરના મહારાજ, પૂજારી ઉદયબાપુ અને ભાવેશબાપુ ઉપસ્થિત રહ્યા હતા. વક્તા તરીકે વાનપ્રસ્થ વિસ્તારક નરશીભાઈએ હાજરી આપી હતી.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦/૨૦૨૬ — તા.૧૨/૦૨/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. પ્રવિણકુમાર પરસોતમભાઈ આંકોલીયા
રહે.એ-૨૬, કૈલાસધામ રો હાઉસ, એ-બી વિભાગ
નિકોલ રોડ, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી શેલણા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પ્રવિણકુમાર પરસોતમભાઈ આંકોલીયાનો જન્મ તા.૦૫/૦૬/૧૯૬૭ ના રોજ મુ.શેલણા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


## દીવમાં જન શિક્ષણ સંસ્થાન દ્વારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની શાનદાર ઉજવણી

ઉના,તા.૨૩



દીવ જન શિક્ષણ સંસ્થાન દ્વારા ૨૧ ફેબ્રુઆરીના રોજ વણાકબારામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રંજીતાબેન અને સરપંચ મીનાક્ષીબેન સહિતના મહાનુભાવોએ હાજરી આપી માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. ઉજવણી દરમિયાન રંગોળી અને પોસ્ટર પ્રદર્શન દ્વારા સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવામાં આવ્યો હતો. સંસ્થાનના ડાયરેક્ટર પરેશભાઈ અને તેમની ટીમની દેખરેખ હેઠળ આયોજિત આ કાર્યક્રમનું સંચાલન રીટાબેને કર્યું હતું. વણાકબારાની રિસોર્સ પર્સન ટીમના વિશેષ સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## જાણીતા સાહિત્યકાર કાલિન્દી પરીખનું ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ચોથીવાર સન્માન

ગીર સોમનાથ,તા.૨૩



ગુજરાતના અગ્રણી સાહિત્યકાર કાલિન્દી પરીખને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ચોથીવાર પુરસ્કૃત કરવામાં આવ્યા છે. કાલિન્દી પરીખને પ્રૌઢ વિભાગમાં ૨૦૨૪માં પ્રગટ થયેલા સંશોધન-ભાષા વ્યાકરણ સ્વરૂપના તેમના પુસ્તક 'ભારતીય નારી સંતોનું કાવ્યાનશ' માટે પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે. અગાઉ તેમને ત્રણ વાર પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. તેમણે કવિતા, વાર્તા, નવલકથા, અનુવાદ, સંશોધન, સંપાદન, નિબંધ, પ્રવાસ, બાળ સાહિત્ય સહિતના તમામ પ્રકારના સાહિત્યમાં પ્રદાન આપ્યું છે. તેમના ૩૦થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે. કવિ સંમેલનોમાં કાવ્ય પઠન ઉપરાંત અનેકવિધ સંસ્થાઓ દ્વારા તેમના વ્યાખ્યાનો ગોઠવવામાં આવે છે. તેઓ વક્તા પણ છે.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.74/2026

**પ્રતિ,**
શ્રી દિનેશભાઈ જેસીંગભાઈ રાઠોડ,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ડોળાસા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ જેસીંગભાઈ માલાભાઈ રાઠોડ તથા જેવાઈબેન જેસીંગભાઈ રાઠોડના પુત્રી કાળીબેન જેસીંગભાઈ રાઠોડ નો જન્મ તારીખ **01/06/1965** ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ડોળાસા, તાલુકો-કોડીનાર સને.**1965** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૨૭/૨૦૨૬ — તા.૨૩/૦૨/૨૦૨૬

શ્રી વલ્લભભાઈ વસરામભાઈ વેકરીયા,
રહે.કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી વલ્લભભાઈ વસરામભાઈ વેકરીયા રહે. કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમની પુત્રીશ્રી મંજુલાબેન વલ્લભભાઈ વેકરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૩ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર — (કોર્ટનો સિક્કો) — **હુકમથી** સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર



**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૨૮/૨૦૨૬ — તા.૨૩/૦૨/૨૦૨૬

શ્રી ધોળીબેન નારણભાઈ સરધારા,
રહે.કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ધોળીબેન નારણભાઈ સરધારા રહે. કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમના પુત્રશ્રી રાઘવભાઈ નારણભાઈ સરધારાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૩ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર — (કોર્ટનો સિક્કો) — **હુકમથી** સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર



**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૨૯/૨૦૨૬ — તા.૨૩/૦૨/૨૦૨૬

શ્રી લીલાબેન ભગવાનભાઈ કાતરીયા વા.ઓ. જીણાભાઈ ચનાભાઈ કલસરીયા,
રહે.વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી લીલાબેન ભગવાનભાઈ કાતરીયા વા.ઓ. જીણાભાઈ ચનાભાઈ કલસરીયા રહે. વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમનો જન્મ તા.૩૧/૦૫/૧૯૬૭ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.


આજ તારીખ ૨૩ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર — (કોર્ટનો સિક્કો) — **હુકમથી** સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

# ટેકનોલોજી માટે માનવ મૂલ્યોનું બલિદાન ન આપી શકાય : મોહન ભાગવત

દહેરાદૂન, તા.૨૩

દહેરાદૂન ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સંઘ યાત્રા' કાર્યક્રમમાં સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે વિશ્વ આજે ભારત પાસે નેતૃત્વની અપેક્ષા રાખી રહ્યું છે. સંઘનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિનિર્માણ દ્વારા મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરવાનો છે, કારણ કે મજબૂત નાગરિકો જ સુરક્ષિત સમાજની રચના કરી શકે છે. ડિજિટલ યુગના પડકારો વિશે વાત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે ટેકનોલોજી માત્ર એક સાધન છે, તે આપણું લક્ષ્ય ન હોઈ શકે. પરિવારમાં આત્મીયતા વધારવા પર ભાર મૂકતા તેમણે કહ્યું કે ટેકનોલોજીના મોહમાં માનવીય સંબંધોનું બલિદાન આપી શકાય નહીં. સામાજિક સમાનતા વિશે તેમણે જણાવ્યું કે ભેદભાવ




વ્યવસ્થામાં નહીં પણ માણસના મનમાં છે, જે માત્ર આચરણમાં પરિવર્તન લાવવાથી જ દૂર થશે. મહિલા સશક્તિકરણ અંગે તેમણે પ્રગતિશીલ વિચાર રજૂ કરતા કહ્યું કે દેશના શાસનમાં મહિલાઓની ભાગીદારી ૩૩ ટકા નહીં પણ ૫૦ ટકા હોવી જોઈએ. વસ્તી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પર પણ તેમણે નીતિગત સ્પષ્ટતાની જરૂરિયાત દર્શાવી હતી. અંતમાં, તેમણે શક્તિના સંયમિત ઉપયોગ અને માતૃભૂમિ પ્રત્યેની ભક્તિને રાષ્ટ્રના ઉત્થાન માટે અનિવાર્ય ગણાવ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં સુરક્ષા દળોની મોટી સફળતાઃ ૪ પાકિસ્તાની આતંકવાદીઓ ઠાર

જમ્મુ, તા.૨૩

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં સુરક્ષા દળોએ એક લાંબા અને જટિલ ઓપરેશન બાદ ચાર કુખ્યાત પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓને ઠાર કર્યા છે. એપ્રિલ ૨૦૨૫થી કાર્યરત આ આતંકવાદી જૂથ વિરુદ્ધ 'ઓપરેશન ત્રશી-૧' અંતર્ગત સેના, CRPF અને જેકેપી (JKP) દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૮



જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આતંકવાદીઓના ઠેકાણા શોધી કાઢ્યા બાદ, સતત પીછો કરીને ૪ ફેબ્રુઆરીએ આતંકવાદી આદિલ અને તેના સાથીઓને તટસ્થ કરવામાં આવ્યા હતા. અંતિમ મુકાબલો ૨૨ ફેબ્રુઆરીએ પહાડી વિસ્તારોમાં થયો, જેમાં વધુ ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા. આ ઓપરેશનમાં સેનાના તાલીમ પામેલા કૂતરા 'ટાયસન'ની ભૂમિકા પ્રશંસનીય રહી હતી, જે આતંકવાદીઓને શોધતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન ત્રણ AK-47 રાઈફલ અને દારૂગોળો જપ્ત કરાયો છે. કોઈપણ જાનહાનિ વગર પાર પાડેલું આ ઓપરેશન સુરક્ષા એજન્સીઓના ઉત્તમ સંકલનનું પ્રતીક છે.

# પૂર્વ રેલ્વે મંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા મુકુલ રોયનું નિધન

નવી દિલ્હી, તા.૨૩



પશ્ચિમ બંગાળના રાજકારણના 'ચાણક્ય' ગણાતા પૂર્વ રેલ્વે મંત્રી મુકુલ રોયનું ૭૨ વર્ષની વયે કોલકાતામાં નિધન થયું છે. તેઓ લાંબા સમયથી ગંભીર બીમારીઓ અને કોમામાં હતા, જે બાદ હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું. મમતા બેનર્જીના વિશ્વાસુ ગણાતા રોય તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સ્થાપક સભ્યોમાંના એક હતા અને પાર્ટીના મુખ્ય રણનીતિકાર તરીકે જાણીતા હતા. વર્ષ ૨૦૧૭માં તેઓ ભાજપમાં જોડાયા હતા, પરંતુ ૨૦૨૧માં ફરી સ્વગૃહે (TMC) પરત ફર્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ ડિમેન્શિયા અને પાર્કિન્સન જેવી બીમારીઓ સામે ઝઝૂમી રહ્યા હતા. તેમના અવસાનથી બંગાળના રાજકારણમાં એક મોટા યુગનો અંત આવ્યો છે, જેના પર વિવિધ રાજકીય પક્ષોએ ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

# જમ્મુ-કાશ્મીરના અખનૂર સેકટરમાં બે શંકાસ્પદ ફુગ્ગાઓ મળી આવ્યા

જમ્મુ, તા. ૨૩

જમ્મુ-કાશ્મીરના અખનૂર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલા ખોર પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનારા ગામમાંથી બે શંકાસ્પદ ફુગ્ગાઓ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. આ સફેદ અને લાલ રંગના ફુગ્ગાઓ વિમાનના આકારના છે, જેના પર પાકિસ્તાન સંબંધિત નિશાન જોવા મળ્યા છે. આ ઘટનામાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે આ ફુગ્ગાઓ સાથે પાકિસ્તાની ૫,૦૦૦ રૂપિયાની નોટ અને એક યુએસ ડોલરની નોટ ચોંટાડવામાં



આવી હતી. આ ઉપરાંત, તેની સાથે એક પાકિસ્તાની મોબાઈલ નંબર અને QR કોડ જેવી છાપેલી તસવીરો પણ મળી આવી છે. જમ્મુ-કાશ્મીર પોલીસની ટીમ આ નોટો અસલી છે કે નકલી તેની તપાસ કરી રહી છે.સુરક્ષા એજન્સીઓના મતે, આ એક નવી પ્રકારની યુક્તિ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ કિશ્તવાડમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર સૈફુલ્લાહ સહિત ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. આ ઓપરેશન બાદ સરહદી વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને આ શંકાસ્પદ ફુગ્ગાઓ પાછળના હેતુની ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

# વડગામમાં શંકાશીલ પતિએ પત્નીની હત્યા કરી, હાર્ટએટેકમાં ખપાવવાનો નિષ્ફળ પ્રયાસ

વડગામ,તા.૨૩

વડગામના છનીયાણામાં રહેતા રાયચંદ ઓડને તેની પત્ની જ્યોત્સનાબેન પર છેલ્લા ચાર વર્ષથી અવારનવાર શંકા હતી. શનિવારે પતિએ સસરાને ફોન પર ધમકી આપી હતી અને ત્યારબાદ રાત્રેપત્નીનું ગળું દબાવી હત્યા કરી દીધી હતી. ગુનાને છુપાવવા માટે રાયચંદે આ ઘટનાને કુદરતી હાર્ટએટેક ગણાવી પરિવારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, જ્યારે અમદાવાદથી પિયર પક્ષના લોકો પહોંચ્યા, ત્યારે જ્યોત્સનાબેનના ગળા પર રહેલા કાળા નિશાન અને ચહેરાનો રંગ બદલાયેલો જોઈને તેમને શંકા ગઈ હતી. કડકાઈથી પૂછપરછ કરતા અંતે પતિએ પોતાનો ગુનો કબૂલ્યો હતો.

૧૨ વર્ષના લગ્નજીવનનો અંત પત્નીના કરુણ મોત અને પતિની જેલ સાથે આવ્યો છે, જેના કારણે બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે.

# ઉનાના તડ-પાલડી વચ્ચે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, ચાલકનું કમકમાટીભર્યું મોત

ઉના, તા. ૨૩

ઉના તાલુકાના તડ અને પાલડી ગામ વચ્ચે ગઈકાલે સવારે એક અત્યંત ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટ્રક (GJ 32 T 3092) અને બાઈક વચ્ચે થયેલી ધડાકાભેર ટક્કરમાં પાલડી ગામના ભરતભાઈ રૂપાભાઈ બાબરીયા (૪૦ વર્ષ) નું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માત



તસવીર : કૈલાશ ભટ્ટ

એટલો ભીષણ હતો કે મૃતદેહના ટુકડે-ટુકડા થઈ ગયા હતા, જેને સ્થાનિક લોકોએ પાવડા વડે થેલીમાં ભેગા કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા. ઘટના બાદ ટ્રકચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. મૃતક ભરતભાઈ વ્યવસાયે ફર્નિચરનું કામ કરતા હતા. તેમના નિધનથી ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે, જેના કારણે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રોડના કામકાજ દરમિયાન સાઈન બોર્ડનો અભાવ અને બેફામ દોડતા ડમ્પરો આવા અકસ્માતો માટે જવાબદાર છે. નવાબંદર પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડીમોલેશન શરૂ, ૯૫૩ મકાનો પર બુલડોઝર

રાજકોટ,તા.૨૩

રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા ૨૩ ફેબ્રુઆરીના રોજ શહેરના ઈતિહાસનું સૌથી મોટું ડિમોલિશન ઓપરેશન જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરવામાં આવ્યું છે. વર્ષો જૂના દબાણો દૂર કરી સરકારી જમીન ખુલ્લી કરાવવા માટે તંત્રએ અભૂતપૂર્વ તૈયારીઓ કરી છે. આ સમગ્ર કામગીરીને સુચારુ રીતે પાર પાડવા માટે જંગલેશ્વર વિસ્તારને ૭ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનની જવાબદારી વર્ગ-૧ના અધિકારીઓને સોંપવામાં આવી છે. આ ઓપરેશનની



વિશાળતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમાં ૨૬૦થી વધુ મશીનો (જેમ કે ૬૪ JCB, ૭ હિટાચી અને ૪૨ ગેસ કટર) કાર્યરત છે. સુરક્ષા માટે ૨૫૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત છે અને ૨૫ ડ્રોન કેમેરા દ્વારા આખા વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તંત્રની કડક કાર્યવાહી અને અગાઉ આપેલી સૂચનાઓને પગલે, ૧૦૨૬ જેટલા મકાનો લોકોએ સ્વેચ્છાએ ખાલી કરી દીધા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ, આજે બપોરે ૩:૩૦ વાગ્યા સુધીમાં તંત્ર દ્વારા કુલ ૯૫૩ દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આ કામગીરીથી સમગ્ર વિસ્તારમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે.

# ધોળકામાં રાજકીય ભૂકંપ, ૭૦૦થી વધુ લોકો કોંગ્રેસમાં જોડાયા

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના રામપુર ગામે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. સિકોતર માતાના મંદિરની દીવાલ તોડવાના મુદ્દે ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો, જે અંતે સામૂહિક પક્ષપલટામાં ફેરવાયો છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ તંત્ર અને રાજકીય આગેવાનોની એકતરફી કાર્યવાહીથી મંદિરની દીવાલ તોડાઈ હતી, જેના કારણે ધાર્મિક લાગણી દુભાઈ હતી. ઠાકોર



સમાજે જનાક્રોશ સભા યોજી હતી, જેમાં સાંસદ ગેનીબેન ઠાકોર, અમિત ચાવડા અને ભરતસિંહ સોલંકીની હાજરીમાં અંદાજે ૭૦૦થી વધુ લોકોએ જોડાઈ સમર્થન જાહેર કર્યું હતું.

# તિરુપતિ પ્રસાદ વિવાદ : સુપ્રીમ કોર્ટે સુબ્રમણ્યમ સ્વામીની અરજી ફગાવી

નવી દિલ્હી, તા.૨૩

તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળના વિવાદમાં સુપ્રીમ કોર્ટે પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીની અરજી ફગાવી દીધી છે. સ્વામીએ આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા શરૂ કરાયેલી વહીવટી તપાસ રોકવાની માંગ કરી હતી. જોકે, અદાલતે સ્પષ્ટ કર્યું કે કોર્ટ દ્વારા નિયુક્ત SIT અને રાજ્યની વહીવટી તપાસના કાર્યક્ષેત્ર અલગ છે, તેથી બંને તપાસ એકસાથે ચાલી શકે છે. આંધ્ર સરકારના વકીલે આ અરજીને તપાસમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. મુખ્ય ન્યાયાધીશે (CJI) અવલોકન કર્યું કે વહીવટી તપાસનો ઉદ્દેશ્ય સિસ્ટમની ખામીઓ અને જવાબદારી નક્કી કરવાનો છે, જે કોર્ટની તપાસ સાથે 'ઓવરલેપ' થતી નથી. આ નિર્ણય સાથે હવે પ્રસાદ વિવાદમાં વહીવટી અને ન્યાયિક એમ બંને સ્તરે તપાસનો માર્ગ મોકળો થયો છે.

# લીકર પરમીટથી રાજયને રૂા. ૧૬.૫૧ કરોડની આવક થઈ હોવાનુ ખુલ્યુ

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન દારૂબંધીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી હેલ્થ આધારિત લિકર પરમિટ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. સરકારના જવાબ મુજબ ૨૧ જાન્યુઆરી ૨૦૨૪થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ૨૯૩ નવી અરજીઓ મળી હતી, જ્યારે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ૯૫૬ અરજીઓ મળી હતી. આમ, બે વર્ષમાં કુલ ૧૨૪૮ નવી અરજીઓ નોંધાઈ હતી.રિન્યુઅલ માટે પ્રથમ વર્ષમાં ૨૯૬૭ અને બીજા વર્ષમાં ૨૯૫૫ અરજીઓ મળી હતી. જેમાંથી ૧૧૬૧ નવી અરજીઓ અને ૫૮૮૪ રિન્યુઅલ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. સરકારએ સ્વીકાર્યું કે બે વર્ષમાં ૨૯ અરજીઓ નામંજૂર થઈ હતી.લિકર પરમિટ ફીથી રાજ્ય સરકારને કુલ ૧૬.૫૧ કરોડ રૂપિયાની આવક થઈ છે. દારૂબંધી હોવા છતાં પરમિટ માટે અરજીઓની સંખ્યા નોંધપાત્ર હોવાનું ગૃહમાં સ્પષ્ટ થયું હતું.

# નેપાળમાં પૃથ્વી હાઈવે પર અકસ્માત, બસ નદીમાં ખાબકતા ૧૮નાં મોત

કાઠમંડુ, તા.૨૩

નેપાળની રાજધાની કાઠમંડુથી લગભગ ૯૦ કિલોમીટર દૂર ધાડિંગ જિલ્લાના ગજુરી નજીક એક ભયાનક બસ અકસ્માત સર્જાયો છે. સોમવારે વહેલી સવારે આશરે ૧:૩૦ વાગ્યે પોખરાથી કાઠમંડુ જઈ રહેલી એક પેસેન્જર બસ પૃથ્વી હાઈવે પરથી નિયંત્રણ ગુમાવી ત્રિશુલી નદીમાં ખાબકી હતી. આ કરુણાંતિકામાં ૧૮ મુસાફરોએ જીવ ગુમાવ્યા છે,



જ્યારે ૨૬થી વધુ લોકો ઘાયલ થયા છે. નેપાળ સશસ્ત્ર પોલીસ દળના પ્રવક્તા વિષ્ણુ પ્રસાદ ભટ્ટે જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી ૧૭ મૃતદેહો મળી આવ્યા છે. બચાવ કામગીરી માટે નેપાળ સેના, સશસ્ત્ર પોલીસ અને સ્થાનિક પોલીસની ટુકડીઓ તૈનાત કરવામાં આવી હતી, જેમણે નદીમાં ખાબકેલી બસમાંથી ૨૮ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડ્યા હતા. મૃતકોમાં ન્યુઝીલેન્ડના એક નાગરિકનો પણ સમાવેશ થાય છે, જ્યારે ઘાયલોમાં જાપાન અને નેધરલેન્ડની મહિલાઓ પણ સામેલ છે. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ ઓવરસ્પીડિંગ અકસ્માતનું કારણ હોઈ શકે છે, જોકે વધુ તપાસ ચાલુ છે.

# અરુણાચલ પ્રદેશમાં ગુજરાતી પરિવારની રિસોર્ટમાં ગેરવર્તણૂક સામે આવી

ઈટાનગર,તા.૨૩

અરુણાચલ પ્રદેશના દિબાંગ વેલી જિલ્લાના અનિની ખાતે આવેલા 'મિશ્મી હિલ્સ રિસોર્ટ'માં એક ગુજરાતી પ્રવાસી પરિવાર દ્વારા કરવામાં આવેલી ગેરવર્તણૂકનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસે પટેલ પરિવારના ચાર સભ્યો સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ પરિવાર ૧૮ ફેબ્રુઆરીના રોજ રિસોર્ટમાં ચેક-ઈન થયો હતો. રિસોર્ટના મેનેજમેન્ટ દ્વારા પ્રવાસીઓને અગાઉથી જ જાણ કરવામાં આવી હતી કે સંસ્થાની નીતિ મુજબ બહારથી ખાદ્ય સામગ્રી કે દારૂ લાવવાની મનાઈ છે.જોકે, ૨૦ ફેબ્રુઆરીના રોજ પરિવારે આ નિયમોનું ઉલ્લંઘન કરી બહારથી દારૂની બોટલો લાવી હતી. જ્યારે રિસોર્ટના સ્ટાફે નમ્રતાપૂર્વક તેમને નિયમોનું પાલન કરવા વિનંતી કરી, ત્યારે આ પ્રવાસીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને સ્ટાફ સાથે અત્યંત અભદ્ર વર્તન શરૂ કર્યું હતું. અનિની પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીઓમાં આસ્થા પટેલ, ધ્રુવ પટેલ, સ્મિતા પટેલ અને દેવેન્દ્ર કુમાર પટેલનો સમાવેશ થાય છે. ફરિયાદમાં આરોપ છે કે આસ્થા અને ધ્રુવ પટેલે મહિલા કર્મચારીઓ માટે જાતીય રીતે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કર્યો હતો. ધ્રુવ પટેલે એક કર્મચારી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આવેશમાં આવીને પરિવારે રિસોર્ટના નિયમો લખેલી ફ્રેમ તોડી નાખી હતી. આરોપીઓએ પોતાના "ઉચ્ચ સંપર્કો"નો હવાલો આપીને રિસોર્ટ બંધ કરાવી દેવાની અને પ્રોપર્ટીને બદનામ કરવાની ધમકી આપી હતી.પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, જેમાં મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડવી, અશ્લીલ કૃત્યો અને ગુનાહિત ધમકીનો સમાવેશ થાય છે.



વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત



ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

## ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

## 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ
**₹૧૬,૧૧૬ કરોડની જોગવાઇ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે
**₹૨000 કરોડની જોગવાઈ**


**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા
**₹૪૨૭૨ કરોડની જોગવાઈ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલૉજીથી સ્માર્ટ બનાવવા
**₹૧૨૫0 કરોડનું રોકાણ તેમજ ₹૫0 કરોડના રોકાણથી**
૧૨0 મીની GIDCનું નવીનીકરણ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ
**₹૩૪૭૨ કરોડની જોગવાઈ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેકટ માટે વધુ
**₹3000 કરોડની જોગવાઈ**

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫00 કરોડનું આયોજન**



સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઈ**

નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય

કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઈ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઈ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬00 કરોડની જોગવાઈ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫00 AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫00 મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઈ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬0 કરોડની જોગવાઈ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪0 નો વધારો કરી ₹ ૨૫00 કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત